# ઓનલાઈન ફાર્મસીના વિરોધમાં ઉત્તર ગુજરાતના મેડીકલ સ્ટોર્સ સજ્જડ બંધ













મોડાસા, તા. ૧૪

દવાઓના ઓનલાઈન વેચાણના કારણે રિટેઈલ કેમિસ્ટોનો ધંધો ખતમ થઈ જવાની શક્યતા અને નશીલી દવાઓનું ગેરકાયદેસર વેચાણ થવાથી દેશના યુવાધન અને આવનારી પેઢી નશાના રવાડે ચઢી જવાની અને નશીલી દવાઓનો દૂર ઉપયોગ થવાની સંભાવનાઓ રહેલી હોવાથી ઓલ ઈન્ડીયા કેમિસ્ટ એન્ડ ડ્રગસ્ટિ એસોસીએશન દ્વારા બુધવારે રાષ્ટ્રવ્યાપી હડતાળના સમર્થનમાં આજે ઉત્તર ગુજરાતના ૩૬૦૦ થી વધુ દવાઓના વેપાર કરતા મેડીકલ સ્ટોર્સ અને અરવલ્લી સાબરકાંઠામાં ૯૦૦થી વધુ મેડિકલ સ્ટોર્સ દ્વારા સજ્જડ બંધ પાડવામાં આવ્યો હતો. સાબરકાંઠા-અરવલ્લી કેમીસ્ટ ડ્રગસ્ટી એસોસીએશન દ્વારા માનવીય અભિગમ દાખવી દર્દીઓને દવાઓ ખરીદવામાં મુશ્કેલી ના પડે તે માટે તાલુકા દીઠ ૨ જેટલા મેડીકલ સ્ટોર્સમાં દવાઓનું વેચાણ થયું હતું.

ઓનલાઈન ફાર્મસીના ધંધાના કારણે પડનારી વિપરીત અસરથી ગંભીર બનેલા ઓલ ઈન્ડીયા કેમીસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એસોસીએશને આ મુદ્દે સરકાર સમક્ષ અનેકવાર રજુઆત કરવા છતાં કોઈ હકારાત્મક પરિણામ ન આવતા એસોસીએશન દ્વારા સમગ્ર દેશવ્યાપી બંધનું એલાન આપવામાં આવતા આજે ઉત્તર ગુજરાત અને સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ૩૬૦૦થી વધુ દવાબજાર સાથે સંકળાયેલા વેપારીઓએ સજ્જડ બંધ પાળવામાં આવ્યો હતો. સાબરકાંઠા-અરવલ્લીના કેમીસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એસોસીએશનના અને એ.આઈ.સી.ડી.ના મેમ્બર નરહરી પ્રસાદ જોષીના જણાવ્યા અનુસાર ગુજરાત સહિત દેશના અનેક વિસ્તારોમાં ઓનલાઈન ફાર્મસી ચાલી રહી છે. દવા સિવાયની વસ્તુઓનો ઓનલાઈન વેપાર કરતી કંપનીઓ પણ ઓનલાઈન દવાઓનો ગેરકાયદેસર વેપાર કરી રહી છે. આંતરરાષ્ટ્રીય સ્તરની વાત કરવામાં આવે તો વિકસીત દેશોમાં પણ આ રીતે દવાઓનો વેપાર કરવાની છૂટ આપવામાં આવી નથી. ઓનલાઈન દવાઓના વેપાર થકી દવાના સંભવિત દુરઉપયોગને રોકવા તેમજ જેઓ નશામાં દવાઓનું સેવન કરી રહ્યા છે તેવા યુવાધનનું ભવિષ્ય અંધકારમય બની જવાની શક્યતાઓ હોવાની અને દેશના કેમીસ્ટોને પડતી તકલીફોમાં સરકાર દ્વારા સમર્થન આપવામાં ન આવતા આજે દેશના દવાબજારના વેપારીઓએ ન છૂટકે બંધ પાડવાની નોબત આવી છે. આ હડતાળ પછી કેન્દ્ર સરકાર કોઈ પગલા નહિ લે તો અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરવામાં દેશના કેમીસ્ટો ખચકાશે નહી.

અરવલ્લી-સાબરકાંઠા કેમીસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એસોસીએશન દ્વારા દર્દીઓને દવાઓ ખરીદવામાં અને સારવારમાં હાલાકી ન પડે તે માટે આગોતરૂ આયોજન કરી દરેક મેડિકલ સ્ટોર્સ પર ૧૪ ઓક્ટોબર ૨૦૧૫ના રોજ હડતાળના બેનરો લગાવી દેવાતા પ્રજાજનોને હાલાકી ઓછી પડી હતી. તદઉપરાંત બન્ને જિલ્લામાં ઈમરજન્સી મેડીસન્સ મળી રહે તે માટે બે જેટલા મેડિકલ સ્ટોર્સ સતત ખુલ્લા રાખી માનવિય અભિગમ દાખવ્યો હતો.

## બંધને પગલે હોસ્પિટલોમાં દર્દીઓની પાંખી હાજરી

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં દવાઓના એસોસીશન દ્વારા ઓનલાઈન ફાર્મસીના વિરોધમાં ૧૪ ઓક્ટોબરે જોડાઈ બન્ને જિલ્લાના તમામ મેડિકલ સ્ટોર્સ આ તારીખે બંધ રહેવાના હોવાના બેનર અને સ્ટીકર દવાઓની દુકાનમાં અઠવાડિયા પહેલા લગાવી દેવામાં મેડિકલ સ્ટોર્સના બંધના પગલે રાજસ્થાન, મહિસાગર, પંચમહાલ તરફથી સારવાર કરાવવા આવતા દર્દીઓ અને બન્ને જિલ્લાના દર્દીઓએ આજે ઈમરજન્સી સીવાય સારવાર લેવાનું મુનાસીબ ન લાગતા બન્ને જિલ્લાના ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓની પાંખી હાજરી જોવા મળી હતી. આરોગ્ય નગરી તરીકે જાણીતા મોડાસા શહેરમાં દર્દીઓની ઓછી સંખ્યાના લીધે બસસ્ટેન્ડ પાછળના વિસ્તારમાં સૂમસામ નજારો નજરે ચડતો હતો.

## ધાનેરા અંબાજી મંદિર ખાતે મા અંબાના રથને ગરબાના ચોકમાં ખુલ્લુ મૂકી કર્યો નવરાત્રીનો પ્રારંભ

ધાનેરા, તા. ૧૪

બનાસકાંઠાના ધાનેરામાં આવેલા અંબાજી માતાના મંદિરે નવરાત્રીની શરૂઆત થઈ ચૂકી છે ત્યારે આજે અંબાજી યુવક મિત્ર મંડળ દ્વારા માના રથ અંબાજી



વર્ષોથી ગરબાનું આયોજન કરવામાં આવે છે અને ગરબે રમવા આવનાર અને ગરબો જોવા આવનાર લોકોને અંબાજી યુવક મિત્ર મંડળ દ્વારા સારી વ્યવસ્થા પણ ગોઠવવામાં આવે છે. જેથી કોઈ લોકોને કોઈ જાતની તકલીફ ન પડે ત્યારે આજે મંદિરના ચોકમાં મૂકી માતાની આરતી કરી નવરાત્રી મહોત્સવ ખુલ્લો મૂક્યો હતો. આ પ્રસંગે ધાનેરા પાલિકા પ્રમુખ આશાબેન પટેલ, માજી પ્રમુખ બળવંતજી રાવ તેમજ પાલિકાના તમામ સભ્યો અને ધાનેરાની ધર્મપ્રેમી જનતા હાજર રહી હતી.

## શામળાજી-હિંમતનગર હાઈવે પર સુનોખ-વાંટડા વચ્ચે ઠેર ઠેર ગાબડા : હાઈવે તંત્ર નિદ્રાધીન

મોડાસા, તા. ૧૪

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાંથી પસાર થતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા બનાવેલ ટોલનાકા પર અહીંથી પસાર થતા વાહનચાલકો પાસેથી તગડો ટોલટેક્સ લેવાય છે. પરંતુ શામળાજી-હિંમતનગર સુધીના માર્ગ પર ઠેર ઠેર ગાબડા પડતા વાહનચાલકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે. અરવલ્લી જિલ્લાના વાંટડા ટોલપ્લાઝા અને શામળાજીથી સુનોખનો ઢાળ ઉતરતા રોડ પર ગાબડાઓથી નાના વાહનચાલકો સહિત કાર અને ભારે વાહનચાલકો ખાડામાં ખાબકતા પલટી ખાઈ જતા અકસ્માતનો ભોગ બને છે. સપ્તાહમાં ઓછામાં ઓછા ૧૦ થી વધુ વાહનચાલકો વાંટડા-સુનોખ નજીક ખાડાઓના લીધે ગોથુ ખાઈ જતા અકસ્માતનો ભોગ બને છે. બે દિવસમાં બે કાર પલટી ખાઈ જતા અહીંથી પસાર થતા વાહનચાલકોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે.



શામળાજી-હિંમતનગર સુધીના રાષ્ટ્રીય ચાર માર્ગીય ધોરીમાર્ગ પર સુનોખ, વાંટડા, રાયગઢ નજીક રોડ પર અને મુખ્ય માર્ગ પરથી ગ્રામ્ય સર્વિસ માર્ગની સાઈડો તુટી જવાથી મોટા ગાબડા પડી જવાથી આ માર્ગે વાહનચાલકો માટે જોખમી બન્યો છે. વાંટડા અને સુનોખ નજીક વારંવાર કાર પલટી જવાની ઘટનાઓ બનતી રહે છે. મુખ્યત્વે શામળાજીથી હાઈવે પર પુરઝડપે પસાર થતા કારચાલકો સુનોખ ગામ નજીકનો ઢાળ ઉતરતા પડેલા ગાબડાઓમાં ખાબકતાં સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવવાથી અકસ્માતની ઘટનાઓનો રોજીંદો ક્રમ બની ગયો છે. પુરપાટે પસાર થતા વાહનચાલકો વાંટડા ટોલપ્લાઝા અને સુનોખ વચ્ચેના માર્ગ પર પડેલા ગાબડાઓથી રોડની સાઈડમાં ખાબક્યા હોવાનો અને વાહનચાલકો મૃત્યુ પામવાની ઘટનાઓ બની હોવા છતાં હાઈવે ઓથોરીટીના પેટનું પાણી ન હલતા વાહનચાલકો ભારે હાલાકી અનુભવે છે. વાટડા ટોલપ્લાઝા અને સુનોખ ગામ નજીક બે દિવસમાં એક અલ્ટોકાર (ગાડી નં. જીજેએચએમ-૨૨૧૧) અને વર્નાકારના ચાલકો ખાડામાં ખાબકતાં સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા બન્ને કારોને ભારે નુકશાન પહોચ્યું હતું. સદનસીબે જાનહાનિ ટળતા હાઈવે ઓથોરીટી તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

## ધાનેરા નગરપાલિકાની સામાન્ય સભામાં વિવિધ સમિતિની રચના કરાઈ

ધાનેરા, તા. ૧૪

બનાસકાંઠાની ધાનેરા નગરપાલિકા ખાતે આજે અગિયાર વાગે પાલિકામાં



સામાન્ય સભા બોલાવવામાં આવી હતી. જેમાં પાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ અને ચીફ ઓફિસર સહિત તમામ સભ્યો હાજર રહ્યા હતા અને વિવિધ મુદ્દાો પર ચર્ચા કરવામાં આવી હતી અને તે બાદ પાલિકામાં વિવિધ સમિતિની રચના કરવામાં આવી હતી. જેમાં કારોબારી ચેરમેન તરીકે ગીતાબેન વાઘેલા બાંધકામ ચેરમેન સમિતિમાં ઈસાજી રાજપૂત પાણી પુરવઠા ચેરમેન મહેન્દ્રભાઈ મફતલાલ ત્રિવેદી સેનીટેશન અને વાહન વ્યવહારમાં નરેશભાઈ ઓડ દીવાબત્તી અને સમાજ કલ્યાણમાં હંસાભાઈ વજાભાઈ પરમાર અને મહેકમ સમિતિમાં રમેશભાઈ ભેરાજી તુવારની વરણી કરવામાં આવી હતી.

## પ્રાંતિજમાં જલ્સા તકરીરી કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ ખાતે મોહદિસે આઝમ મિસન અંતર્ગત શાનદાર જશ્ને શોહદાએ કરબલાના જલ્સાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં મુસ્લીમ બિરાદરો હાજર રહ્યા હતા. પ્રાંતિજના વ્હોરા જમાતખાના પાસે શાનદાર તકરીરી કાર્યક્રમ અગ્રણી સૈયદ ઈકબાલભાઈના પ્રમુખ સ્થાને યોજાયો હતો. આ જલ્સામાં અશરફુલ ખુલ્ફા હઝરત, અલ્લામાં સૈયદ હસન અસ્કરી મીયા અશરફ જીલાની નૂરાની તકરીર ફરમાવશે અને મોલાના હાફીઝો કારી સૈયદ અહેમદમીયા કાદરી કારી મો. સુફીયાન તથા મોઈનુદ્દીન હિંમતનગરી મુસ્તુફા પેશ કરી હતી.

## ધાનેરા પાલિકાના પૂર્વ પ્રમુખના પુત્રને બળાત્કાર કેસમાં આજીવન કેદની સજા ફટકારી

**કોર્ટે શેક્સપીયરના આ વાક્યને ચુકાદામાં ટાંક્યું : 'કોઈ દિવસ કોઈની લાગણીઓ સાથે રમશો નહિ, કારણ કે કદાચ ત્યારે તમે એ રમતમાં જીતી જશો પણ એ વ્યક્તિને સદાય માટે તમારા જીવનમાંથી ખોઈ બેસશો'**

ડીસા, તા. ૧૪

ડીસાની ત્રીજી એડીશ્નલ સેશન્સ કોર્ટના જજ દ્વારા અપહરણ અને બળાત્કારના એક કેસમાં આખરી ચુકાદામાં આ કેસના આરોપીને તક્સીરવાર ઠેરવ્યો હતો અને તેને આજીવન કેદની સજા અને એક લાખ રૂપીયાનો દંડ ફટકાર્યો હતો.

આ ઘટનાની વિગતો જોઈએ તો ધાનેરા ખાતે રહેતી અને સાડા સત્તર વર્ષની ઉંમરની સગીર યુવતિને તેના ઘરેથી હિંમતલાલ શાન્તીલાલ રાઠોડ, ઉં.વ. ૨૩, રહે. લાધાપુરા, તા. ધાનેરા ખાતે રહેતો પરણીત યુવક લગ્નની લાલચ આપી ભગાડી ગયો હતો અને ધાનેરાથી પાલનપુર અને ત્યાંથી હિમાચલ પ્રદેશ લઈ ગયો હતો. જ્યાં આ યુવકે સગીરાને લગ્નની લાલચ આપી તેની સાથે સતત એક માસ સુધી વારંવાર બળાત્કાર ગુજાર્યો હતો. તે દરમ્યાન આરોપી બહાર જાય તો સગીરાને રૂમમાં ગોંધી રાખતો હતો. જો કે આ અંગેની જાણ ધાનેરા પોલીસને થતાં પોલીસે હિમાચલ પ્રદેશથી યુવક અને યુવતીને ઝડપી પાડ્યા હતા અને સગીર યુવતીને તેના પરીવારજનોને સોપી હતી. જ્યાં યુવતીએ આ યુવક વિરૂદ્ધ બળાત્કાર અને અપહરણની ફરીયાદ નોંધાવતા ધાનેરા પોલીસે ગુનો નોંધી આ અંગે ચાર્જસીટ રજુ કર્યું હતું.

પાંચ વર્ષ બાદ આ કેસ ડીસાની એડીશ્નલ ત્રીજી કોર્ટમાં બોર્ડ પર આવ્યો હતો. જેમાં સરકારી વકીલ આર.ડી. જોષી અને ફરીયાદ પક્ષના અન્ય વકીલ ભરતભાઈ મૈઢ દ્વારા આ કામના આરોપી વિરૂદ્ધ પુરાવા આધારે સખ્ત સજા કરવા ધારદાર દલીલો કરી હતી. જેમાં નામદાર જજે આરોપી હિમ્મતલાલ શાન્તીલાલ રાઠોડને આજીવન કેદની સજા અને એક લાખ રૂપીયા દંડ ફટકારી દાખલારૂપ સજા કરી હતી. કેસમાં નામદાર કોર્ટે પ્રસિદ્ધ લેખક શેક્સપીયરના કોર્ટે શેક્સપીયરના "લાગણીઓ" સંબંધી વાક્યને ટાંકી કોઈ દિવસ કોઈની લાગણીઓ સાથે રમશો નહિ તેવો ન્યાયીક શંદેશ પણ ચુકાદામાં ટાંક્યો હતો.



પાલનપુરમાં આવેલ જાણીતી શૈક્ષણિક સંસ્થા વિદ્યા મંદિરના ગુજરાતી મીડિયમના બાલમંદિરના ભૂલકાઓ દ્વારા શશી વન ખાતે નવરાત્રી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શૈક્ષણિક સ્ટાફ સાથે ભૂલકાઓના માતા-પિતાઓએ મા જગદંબાની સમૂહ આરતી ઉતારી માની આરાધના કરી હતી. ભણવામાં પહેલું કદમ માંડતા ભૂલકાઓ દ્વારા પ્રાચીન અને અર્વાચીન ગરબાઓના સ્ટેપથી ગરબા રમી ઉપસ્થિત લોકોના દિલ જીતી લીધા હતા.

## ધાનેરામાં અબોલ પશુ પર એસીડ ફેંકવાનો સિલસિલો યથાવત

ધાનેરા, તા. ૧૪

બનાસકાંઠા જિલ્લાના



ધાનેરામાં કોઈ અજાણ્યા ઈસમ દ્વારા આખલા પર એસીડ નાખતા ગૌસેવકો રોષે ભરાયા હતા અને ધાનેરાના લોકો તેમજ ગૌસેવકો દ્વારા આખલાને સારવાર પણ અપાઈ હતી.

બનાસકાંઠાના ધાનેરા ખાતે રખડતા ઢોરનો ત્રાસ વધી જવા પામ્યો છે રખડતા ઢોર દ્વારા લોકોને ભારે ઈજા પણ પહોંચાડવામાં આવે છે અને આ ઢોરના કારણે અકસ્માત પણ સર્જાય છે તો બીજી તરફ રખડતા ઢોર પર કેટલાક ઈસમો દ્વારા જીવલેણ હુમલા પણ કરવામાં આવે છે અને એસીડ પણ ફેંકવામાં આવે છે ત્યારે આજે ધાનેરામાં આવેલી ઉમિયાનગર સોસાયટીમાં એક આખલો પોતાના દુઃખથી પીડાઈ રહ્યો હતો અને લોકોએ જોયું તો આખલાના શરીર પર કોઈ નરાધમ ઈસમ દ્વારા એસીડ ફેંકવામાં આવ્યું હતું. ઘટનાની જાણ ધાનેરાના ગૌસેવકોને કરતા ધાનેરાના ગૌસેવકો તાત્કાલિક ઘટના સ્થળ પર આવી આખલાને સારવાર આપી હતી. તો બીજી તરફ અબોલ પશુ પર એસીડ ફેંકનાર પર લોકોએ ફિટકાર પણ વરસાવ્યો હતો. જેથી ધાનેરાના લોકો ઈચ્છી રહ્યા છે કે ધાનેરામાં રખડતા ઢોરનું કંઈક નિરાકરણ લાવવામાં ાવે તો લોકો પણ ઢોરના હુમલાથી બચી શકે અને કોઈ ઈમસ અબોલ પશુને પણ ઈજા ન પહોંચાડે.



**થરાદ - સાંચોર હાઈવે પર ટેન્કર-ટ્રક વચ્ચે અકસ્માત : ૨ના મોત**

થરાદ - સાંચોર હાઈવે પર પીલુડા ગામ નજીક આજે સવારે ટેન્કર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતા બે લોકોના મોત અન્ય ત્રણ ઘાયલ થયા હતા.

## પ્રાંતિજ અવરઓન હાઈસ્કૂલમાં વાલી સેમિનાર યોજાયો

પ્રાંતિજ, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ કેળવણી મંડળ સંચાલિત અવરઓન હાઈસ્કૂલ ખાતે ૫૦ વર્ષની ઉજવણી અંતર્ગત ભાર વગરનું ભણતરને લઈ વાલી સેમિનાર યોજાયો હતો.

પ્રાંતિજ ખાતે આવેલ કેળવણી મંડળ સંચાલિત અવરઓન હાઈસ્કૂલ ખાતે મંગળવારના રોજ શાળા કેમ્પસમાં વાલીઓ તથા શૈક્ષણિક સંસ્થાના કર્મચારીઓ માટે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ગાંધીનગર કોબા સ્થિત જીવનતીર્થ સંસ્થાના રાજુ દિક્ષી હાજર રહ્યા હતા. ભાર વગરનું ભણતર પોતાના બાળકોને ઓળખો તથા બાળકોને સંસ્કાર તથા મુલ્યોનું શિક્ષણ જોવા મુદાસર ચર્ચા કરવામાં આવી હતી. જેમાં આજના યુગમાં બાળકોના દફતરનું વજન વધી રહ્યું



છે. અને સંશોધનો દ્વારા પણ પુરવાર થઈ રહ્યું છે કે દફતરમાં વધતાં જતા ભારને કારણે બાળકો વિવિધ શારીરિક બિમારીઓથી પીડાઈ રહ્યા છે. ત્યારે અવરઓન વિદ્યાવિહારમાના ધોરણ-૧ના બાળકો માટે ભાર વગરનું ભણતર પ્રોજેક્ટ શરૂ કરવા અંગેની વાલીઓ સાથે સેમિનાર યોજાયો હતો. જેમાં સંસ્થાની પહેલને વાલીઓએ વધાવી લીધી હતી.